# શિક્ષણ વિભાગના તા.૨૬/૬/૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક : પરચ/૨૦૧૫/૮૪/ખ-૧ સાથેનું પરિશિષ્ટ

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | સ્થાનિક તપાસ સમિતિના રિમાર્કસ | યુનિવર્સિટીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧ | જે વિસ્તારમાં નવી કોલેજ શરૂ કરવાની દરખાસ્ત છે તે વિસ્તારમાં સમાન વિદ્યાશાખા/વિષયની નવી કોલેજ શરૂ કરવાની જરૂરિયાત છે તે બાબતે સંસ્થાની સ્પષ્ટતા આપવી. | | |
| ૨ | કોલેજ સંયુકત શિક્ષણની શરૂ કરવાની છે કે માત્ર મહિલા કોલેજ શરૂ કરવાની છે ? તે જણાવવું. | | |
| ૩ | તે વિસ્તારમાં કેટલી હાયર સેકન્ડરી શાળાઓ છે ? તેમાંથી દર વર્ષે હાયર સેકન્ડરી પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ બેસે છે ? સરેરાશ પરિણામ કેટલું આવે છે ? તે દર્શાવીને આ માટે જે તે શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખવું. | | |
| ૪ | સંચાલન કરનારી સંસ્થા/ટ્રસ્ટની સંપૂર્ણ વિગતો આપવી. તેમાં મુખ્ય ટ્રસ્ટી અને સગાવહાલાનું પ્રમાણ કેટલું છે ? તે અંગે લેખિત પ્રમાણપત્ર  સામેલ રાખવું. | | |
| ૫ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૬ | મુલાકાતની તારીખે ટ્રસ્ટ/સંસ્થા પાસે મિલ્કતો, અસ્કયામતો વગેરેની વિગતો (૭/૧૨ ના ઉતારા, મકાન બાંધકામ પ્રમાણપત્ર, પ્લાન, નકશાની વિગતો આધાર સાથે) આપવી. | | |
| ૭ | ટ્રસ્ટ/સંસ્થાની બિન વિવાદાસ્પદ માલિકીની જમીનની વિગતો આપવી. | | |

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | સ્થાનિક તપાસ સમિતિના રિમાર્કસ | યુનિવર્સિટીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૮ | હાલના અને ભવિષ્યના વિકાસને અનુરૂપ કોલેજ બિલ્ડીંગ છે કે કેમ ? તેની વિગતો આપવી. | | |
| ૯ | એકેડેમિક બિલ્ડીંગમાં સગવડતાઓ-સેમીનાર રૂમ, વ્યાખ્યાન રૂમ, લેબોરેટરી તથા વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અન અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી. | | |
| ૧૦ | કેન્દ્ર/રાજય સરકાર/ પીડબલ્યુડી/ મ્યુનિસિપાલીટી/ગ્રામ પંચાયતના પાણી, વીજળી, હવાઉજાસ, ટોયલેટ, ગટરલાઈન અંગેના પ્રમાણપત્રો સહિત બી.યુ. પ્રમાણપત્ર સામેલ રાખવા. | | |
| ૧૧ | સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુકત એફ.ડી.આર. હોય તેની આધાર સહિત વિગતો આપવી. | | |
| ૧૨ | સંસ્થા/ટ્રસ્ટ પાસે બોજા મુકત બેંક બેલેન્સ છે કે કેમ ? જો હા, તો આધાર-પુરાવાની પ્રમાણિત નકલ આપવી. | | |
| ૧૩ | શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીગણની વિગતો આપવી. જે નિયમાનુસાર અધ્યયન કાર્ય તથા વહીવટી કામો હાથ ધરવા માટે પૂરતો છે કે કેમ ? તે જણાવવું. | | |

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | સ્થાનિક તપાસ સમિતિના રિમાર્કસ | યુનિવર્સિટીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૧૪ | (અ) વિદ્યાર્થીઓના છાત્રાલય માટે આયોજન હોય તો તે હવાઉજાસ ધરાવતું મકાન છે ? અને બાથરૂમ/ટોયલેટ, કપડા ધોવા, મહેમાનોના રહેવા/જમવા અંગેની પૂરતી વ્યવસ્થાઓ છે કે કેમ ? તે લેખિતમાં આધાર સહ મેળવવું. (બ) જે વિદ્યાર્થીઓ ભાડાના મકાન અથવા સંસ્થાના છાત્રાલયમાં નિવાસ કરતા હોય, તેઓ પર દેખરેખ રાખવા અંગે શી વ્યવસ્થા છે ? તેની વિગતો આપવી. | | |
| ૧૫ | ગ્રંથાલય માટેની સગવડો શી છે ? તેમાં પુસ્તકો/જર્નલોની સંખ્યા જણાવવી તેમજ આદિજાતિ/અનુસૂચિત જાતિ/આર્થિક નબળા વિદ્યાર્થીઓ મોની બુક બેંક યોજના છે કે કેમ ? તેની વિગતો આપવી. | | |
| ૧૬ | લેબોરેટરી મકાન, સાધનો, કોમ્પ્યુટર, પ્રિન્ટર એ.સી., ઈન્ટરનેટ વગેરની સગવડો શરૂ કરવાના અભ્યાસક્રમને અનુરૂપ ઉપલબ્ધ છે કે કેમ ? તેની વિગતો આપવી. | | |
| ૧૭ | રમત-ગમતના મેદાનની વિગતો આપવી. | | |
| ૧૮ | વિદ્યાર્થીઓ અને સ્ટાફના વિવિધ ઉપયોગ માટેનું ઓડીટોરીયમ અને અન્ય સુવિધાઓ અંગેની વિગતો આપવી. | | |
| ૧૯ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની વિગતો આપવી. | | |
| ૨૦ | સરકારશ્રીના નિયમ અનુસાર અનામત રાખવાના ફંડ, રોજબરોજના ખર્ચાની જોગવાઈઓ અંગેની બાંહેધરીઓ સામેલ રાખવી. | | |

| ક્રમ | સંસ્થાએ આપવાની વિગત | સ્થાનિક તપાસ સમિતિના રિમાર્કસ | યુનિવર્સિટીનો અભિપ્રાય |
|---|---|---|---|
| ૨૧ | યુનિવર્સિટી/વૈધાનિક સતામંડળો/સરકારશ્રીના સર્વીસ રૂલ્સ અને પગાર, સ્ટાફની ભરતી, વિદ્યાર્થીઓની ફી, પ્રવેશ તેમજ અભ્યાસક્રમ બંધ કરવા અને રજીસ્ટરો/રેકર્ડ/હિસાબો રાખવા તેમજ ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજયુકેશન અંગેની અધિકૃત વેબસાઈટ પર સમયાંતરે ડેટા અપલોડ કરવા અને અપડેટ કરવા અંગેના નીતિ-નિયમોના પાલન કરવાની બાંહેધરીઓ આપવી. | | |
| ૨૨ | સંસ્થા/ટ્રસ્ટના છેલ્લા બે વર્ષના ઓડીટેડ વાર્ષિક હિસાબોની વિગતો આધાર સાથે સામેલ રાખવી. | | |
| ૨૩ | ટ્રસ્ટ/સંસ્થા વિરૂધ્ધ ન્યાયની અદાલતમાં કોઈ કેસ પડતર હોય અથવા વિરૂધ્ધ ચૂકાદો આવેલ હોય તો તે અંગેની વિગતો આપવી. | | |
| ૨૪ | અભ્યાસક્રમ શરૂ કરતાં પૂર્વે જે તે વૈધાનિક સત્તામંડળોની પૂર્વે અનુમતિ લેવાની જરૂરિયાત છે કે કેમ ? અને જો હા તો, તે મેળવવામાં આવી છે કે કેમ ? તે આધાર સહિત જણાવવું. | | |
| ૨૫ | (અ) યુનિવર્સિટી/રાજય સરકાર/વૈધાનિક સત્તામંડળ દ્વારા મૂકાયેલ શરતોનું પરિપાલન સંસ્થા / ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે કે કેમ ? જો ના તો, હવે પછી કેટલી સમયમર્યાદામાં પૂર્તતા કરવામાં આવશે ?<br>(બ) વધુમાં યુનિવર્સિટી દ્વારા અગાઉ નિમવામાં આવેલી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં જે શરતો/ ખામીઓની પૂર્તતા કરવા માટે સંસ્થાને જણાવવામાં આવેલ, તેમાંથી હવે કઈ શરતો/ખામીઓની પૂર્તતા કરવાની બાકી છે ? અને આ ખામીઓ દૂર કરવા અંગે સંસ્થા/કોલેજ દ્વારા શાં સુધારાત્મક પગલાં લેવાયા છે,<br>તેની વિગતો આપવી. | | |